જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૧૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૦ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૩૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૬૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૬૨/૨૦૨૬**

મણીનગરઃ જીતેન્દ્ર સ/ઓ નારણદાસ તુલસીયાણી (ઉ.વ.૪૪) (રહે. પાર્થ ફ્લેટ રાજેન્દ્ર પાર્ક સોસાયટી ભૈરવનાથ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે મણીનગર) એ તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૬ બપોરના ૪/૫૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૫૦૦૦૩૧૧૬૫ તથા ૯૨૪૩૪૭૭૯૫૭ ના ધારકોએ ફોન કરી અદાણી ગેસનુ બીલ ભરવાનું બાકી છે તેમ જણાવી પ્રોસેસ માટે એ.પી.કે ફાઇલ ડાઉનલોડ કરાવી મોબાઇલ ફોન હેક કરી ઓનલાઇન રૂપિયા ૧,૩૦,૦૧૪/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ કૃતી ડો/ઓ હિમાંશુ વૈદ્ય (રહે. તક્ષશિલા એપાર્ટમેન્ટ આઇ.ટી.નર્મદા હોટલ પાછળ વસ્ત્રાપુર) એ તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાપુર ફાલ્ગુની ગૃહઉદ્યોગ સામે સિગ્મા એક્સેલન્સ બિલ્ડીંગ પાર્થ હોસ્પીટલ ખાતે ફાર્મસી સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતા હિમાંશુભાઇ કિર્તીકુમાર ગઙ્કર (રહે. શુભરત્ન વિભાગ–૦૨ બાલકૃષ્ણ મંદિર પાસે રાણીપ) નાઓએ તા.૧૩/૦૬/૨૦૨૬ થી તા.૦૭/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આશરે ૫૦ થી વધુ દર્દીઓના દવાઓના કુલ રૂપિયા ૧,૪૨,૮૩૦/– પોતાના ખાતામાં મેળવી લઈ તેમજ ઉપયોગ માટે આપેલ ફાર્મસીનો મોબાઇલ ફોન કિમત ૫૦૦૦/– વેચાણ કરી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.પુરોહિત ચલાવે છે.

અમરાઈવાડીઃ અમરાઈવાડી વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૫૮૭૪૧૩૨૫૦ ના ધારકે ફેસબુક ઉપર બેબીફોકની ઓનલાઈન ખરીદી માટે જાહેરાત મુકતા મહીલાએ ઓનલાઈન ખરીદી કરવા સંપર્ક કરતા તા.૦૧/૦૯/૨૦૨૬ થી તા.૦૫/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન બેબીફોકની ઓનલાઈન ખરીદી માટે મહીલા પાસેથી ઓનલાઈન રૂપિયા ૧,૧૨,૪૦૦/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ મહીલા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૬૩/૨૦૨૬**

ચાંદખેડાઃ સ્વેતાબહેન વા/ઓ આરવિંદકુમાર પાંડે (રહે. તેજેન્દ્રનગર વિભાગ–૭ ઉમા ભવાની ફાટકની બાજુમાં ચાંદખેડા) એ તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૬ સવારના ૦૮/૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૬ કલાક ૦૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૫,૭૮,૪૯૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.ભુતિયા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૪/૨૦૨૬**

ઓઢવઃ નિર્મલાબહેન વા/ઓ પુરણમલ જૈન (ઉ.વ.૬૫) (રહે. કામેશ્વર પાર્ક સોસાયટી ચન્દ્રનગર સોસાયાટી સામે મહારાજા સ્કુલની બાજુમાં અંબિકાનગર ઓઢવ) તા.૦૭/૦૯/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ અંબીકાનગર વાસુ પુજય જૈન મંદિર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ટુ વ્હીલર ચલાવી આવેલ બે પુરૂષ નિર્મલાવહેન જૈનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિર્મલાબહેન જૈન એ તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઈ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૫/૨૦૨૬**

કાગડાપીઠઃ સુનિલભાઇ બંસીલાલ પરમાર (ઉ.વ.૪૫) (રહે. બ્લોક નં–૦૨ શિવાલય એપાર્ટમેન્ટ સફલ–૦૩ પાસે કાંકરીયા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૦૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

ઓઢવઃ નરેશ રામસ્વરૂપ સોની (ઉ.વ.૪૬)(રહે. ગજાનંદ ફલેટ મારુતી–૦૩ સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૬ કલાક ૧૦/૪૫ થી ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતમાં લગાવેલ લોખંડના હુકમા દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી